# પ્રેસ નોંધ

## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ મધમાખી દિવસ – ૨૦૨૧ ની ઉજવણી








આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ અને સેન્ટર ફોર અગ્રીકલ્ચર માર્કેટ ઇન્ટેલિજેન્સ, નાહેપ-કાસ્ટના સંયુક્ત ઉપક્રમે તારીખ જૂન ૧૯-૨૦, ૨૦૨૧ દરમ્યાન વિશ્વ મધમાખી દિવસ – ૨૦૨૧ની ઉજવણી નિમિત્તે "મધમાખી પાલન" અંગે રાજ્યકક્ષાનો વેબીનાર, રાષ્ટ્રીય મધમાખી સંગઠન દ્વારા અનુમોદિત સંશોધન પ્રોજેક્ટનું ઉદઘાટન તેમજ 'મધમાખી બચાવો'ની થીમ પર વિદ્યાર્થીઓ માટે એક પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

વેબીનારના ઉદઘાટન કાર્યક્રમ દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રી ડૉ. કે. બી. કથીરીયા, કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદએ પોસ્ટર સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓના નામ જાહેર કર્યા તેમજ તેમની આંતરિક પ્રતિભાઓને બહાર લાવવા બદલ બિરદાવેલ. વધુમાં, નેશનલ બી બોર્ડ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં કાર્યાન્વિત થનાર મધમાખી અંગેના સંશોધનને લગતી યોજનાનું ઉદઘાટન કરેલ. તદ્‌ઉપરાંત તેઓએ પાક સંવર્ધક તરીકે પાક ઉત્પાદનમાં મધમાખી દ્વારા થતાં પરાગનયનની અગત્યતા જણાવી અને કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા ઉત્પાદિત 'અનુભવ' બ્રાન્ડ હેઠળ વેચાતા જુદા-જુદા પાકમાંથી એકત્રિત કરેલ મધની માહિતી આપેલ હતી અને મધનું મૂલ્યવર્ધન કેવી રીતે થઈ શકે તે સમજાવ્યું હતું. વધુમાં, પેસ્ટીસાઈડની મધમાખી પરની અસરો તેમજ પર્યાવરણમાં મધમાખીના મહત્વ વિષે ચર્ચા કરેલ હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ, ડૉ. બી. એલ. સારસ્વત, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, નેશનલ બી બોર્ડ, નવી દિલ્હીએ આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવી મધમાખી વિશે સંશોધન માટે માર્ગદર્શન આપ્યું તેમજ સાથે-સાથે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે મધ ચકાસણી પ્રયોગશાળાની સ્થાપના માટેની શક્યતાઓ ચકાસવા સલાહ આપી હતી.

વેબીનારના સલાહકાર ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ; વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એચ. બી. પટેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ; ડૉ. યોગેશ્વર સિંહ, મધમાખી વિશેષજ્ઞ, આગ્રા; તેમજ યુનિવર્સિટીના અન્ય અધિકારીશ્રીઓએ પ્રાસંગિક ઉદબોધન કરેલ હતું.

આ બે દિવસ રાજ્યકક્ષાના વેબીનારમાં કુલ ૧૮ વ્યાખ્યાનો મધમાખી તજજ્ઞો દ્વારા રજુ કરવામાં આવેલ. જેમાં સફળ મધમાખી પાલકોનો પણ સમાવેશ કરી ખેડૂતોને મધમાખી પાલન વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન આયોજન સચિવો, ડૉ. આર. એસ. પુંડીર, સંયોજક, નાહેપ-કાસ્ટ, આકૃયુ, આણંદ અને ડૉ. ડી. બી. સિસોદિયા, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા કરવામાં આવેલ હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસક્રમ પૂર્ણ કરીને મધમાખી પાલન યુનિટ ચાલુ કરીને સારી એવી આવક મેળવી રહ્યા છે. સમગ્ર કાર્યક્રમનો હેતુ ભારત સરકારના "મધુ ક્રાંતિ"ના અભિયાનને કૃષિ સાથે પશુપાલન અને હવે આ દિશામાં ખેડૂતોને પ્રેરીત કરીને પૂરક આવક મેળવવા માટેનો સનિષ્ઠ પ્રયાસ કરવામાં આવેલ હતો.